# શ્રી.એમ.આર.દેસાઈ આર્ટ્સ એન્ડ ઇ.ઇ.લહેર કોસાડિયા કોમર્સ કોલેજ, ચીખલી

## વિષય – ભાષાવિજ્ઞાનની ભુમિકા ( ID )
## બી.એ. સેમ-૪

નિલમ આર.પટેલ

# એકમ – ૧
# ભાષામાં શબ્દનું મહત્વ અને કાર્ય

- માનવીની સર્વોતમ શોધ એ ભાષા છે.માણસને અન્ય પ્રાણીથી જુદું પાડનારું તત્વ પણ ભાષા છે.

- વાક્યમાં લખાતા જે ઘટકો વચ્ચે જગ્યા રાખવામાં આવે તે ઘટકોને શબ્દો કહેવાય પણ આ વર્ણન સર્વમાન્ય ગણી શકાય નહી. કારણ કે બે શબ્દો વચ્ચેના અંતર સાથે બીજી બધી બાબતો સંકળાયેલી હોય છે.

- ભાષાના નાનામાં નાના ઘટકો રૂપે ધ્વનીઓની શ્રેણીથી અર્થ ધરાવતા નાના નાના જે એકમો બને તેને ‘શબ્દ’ કે ‘રૂપ’ તરીકે ઓળખાય છે.

# શબ્દનાં પ્રકારો

ભાષાનાં વ્યાકરણને સમજવામાં જે ઉપયોગી છે. તેવી પરિભાષાના શબ્દોને વ્યાકરણગત શબ્દો કહે છે.

જેમ કે –

સંજ્ઞા-વ્યક્તિ, પ્રાણી, પદાર્થ કે ભાવ સૂચવે તેને સંજ્ઞા(નામ) તરીકે ઓળખવામાં આવે છે.
ઉ.દા.- રામ, ગંગા, સોનુ, ઘઉં વગેરે.

ક્રિયાપદ- જે શબ્દ દ્વારા કોઈ વ્યાપાર કે કાર્ય થવાનો કે કરવાનો બોધ થાય છે તેને ક્રિયાપદ કહે છે.
ઉ.દા.-વાંચવું, લખવું, દોડવું, ખાવું, વગેરે.

વિશેષણ- વાક્યમાં વપરાયેલા પદોમા જે પદ નામ કે સર્વનામથી વિશેષતા પ્રગટ કરે છે તેને વિશેષણ કહે છે.
ઉ.દા. કાવ્ય પરિશ્રમી છોકરો છે.

લિંગ- લિંગ એટલે જાતી. લિંગ એ નાર કે નારી ભેદ બતાવે છે.
જેમકે, નરજાતિ, નારીજાતિ, નાન્યતરજાતિ તરીકે ઓળખ કરીએ છીએ.

વચન- ભાષામાં વક્તા જયારે ‘કશાક’ વિશે ‘કશુક’ કહે છે ત્યારે એમાં એ જેને વિશે કહે છે તે એક છે, બે છે કે એથી વધુ છે એવું સુચવવા માટે જે પદ્ધતિનો ઉપયોગ થાય છે તેને વચન કહે છે.
જેમકે, એકવચન, બહુવચન

વિભક્તિ- વાક્યમાં સંજ્ઞાના ક્રિયાપદ કે સંજ્ઞા સાથેના ‘વિભક્તિ’ કહે છે.
જેમકે, કર્તા વિભક્તિ, કર્મ વિભક્તિ, કરણ વિભક્તિ.

કાળ- ક્રિયાનો સમય દર્શાવવાની રીતને ભાષામાં કાળ વ્યવસ્થા તરીકે ઓળખવામાં આવે છે.
જેમકે, વર્તમાનકાળ, ભૂતકાળ, ભવિષ્યકાળ

બીજી ભાષાઓની જેમ ગુજરાતી પણ સંસ્કૃતમાંથી ઉતરી આવી છે. તે આધારે..

૧) તત્સમ્ શબ્દ –
મનુષ્ય, યત્ન, પ્રસંગ, કવિતા, વાચન વગેરે...

૨) તદ્ભવ શબ્દ –
कर्म પરથી કામ, मार्ग પરથી મારગ, हस्त પરથી હાથ વગેરે...

# એકમ – ૨

# ભાષામાં વાક્યનું મહત્વ

- વર્ણો-ધ્વનિઓ જોડીને રૂપરચના બને, રૂપો જોડાઈ શબ્દરચના થાય અને શબ્દોને પ્રત્યયાદિ લગાડવાથી વાક્યમાં પ્રયોજવા યોગ્ય પદ-રચના થાય એવા પદસમુહો ચોક્કસ વ્યવસ્થામાં જોડાઈ વાક્યરચના થાય છે.

- ભાષા વડે આપણે જાત-જાતના પ્રસંગોનું વર્ણન કરી શકાય. એમાં વિચારો-ભાવ-સંવેદનાઓ પ્રગટ કરી શકીએ છે. એ દ્રષ્ટીએ જોતા ભાષા દ્વારા આપણે જે પ્રગટ કરીએ છીએ તે ભાષાનું પ્રયોજન કહી શકાય.

- ભાષા દ્વારા આપણે કશુક કહ્યું હોય તે, સૂચન હોય, આદેશ હોય, કશુંક છુપાવવું હોય તેવાં વિવિધ પ્રયોજન સિધ્ધ કરી શકાય. આ પ્રયોજનો પણ વાક્ય વિના સિધ્ધ થઈ શકતા નથી.

# વાક્યનાં પ્રકારો

નામપદ અને ક્રિયાપદના આધારે વાક્યના બે પ્રકાર પડે છે. ભિન્ન-ભિન્ન દૃષ્ટિકોણથી વિચાર કરતાં ભાષામાં પ્રયોજાતાં વાક્યોના અનેક પ્રકાર જોવા મળે છે.

## ૧) રચનામૂલક પ્રકાર –

- સાદું વાક્ય- એકજ ક્રિયાના પ્રયોગવાળા વાક્યને સરળ કે સાદુ વાકય કહે છે.
  ઉ.દા.- બાપુજી પત્ર લખે છે.

- સંયુક્ત વાક્ય- આપેલા બે વાક્યને જયારે સંયોજક દ્વારા જોડવામાં આવે છે ત્યારે તે જોડાયેલા વાક્યો સંયુક્ત વાક્ય કહેવાય.
  ઉ.દા.- હિંસા યોગ્ય કે અહિંસા

- મિશ્ર વાક્ય- એક વાક્યને કેન્દ્રમાં રાખી અન્ય વાક્યો એના વિસ્તરણરૂપે જોડાયેલાં હોય તેને મિશ્ર વાક્ય કે સંકુલ વાક્ય કહેવાય
  ઉ.દા.- જો તમે મહેનત કરશો તો એનું ફળ ચોક્કસ મળશે.

## ૨) અર્થમૂલક પ્રકાર –

- વિધાન વાક્ય- વિધાન વાક્યને સાદું વાક્ય કે વિધિ વાક્ય તરીકે ઓળખવી શકાય.
  ઉ.દા.- સત્યનો માર્ગ કાંટાળો છે.

- નિષેધ વાક્ય- નિષેધવાક્ય એટલે નાકારવાચક વાક્ય. વિધાન વાક્યોમાં ન, નહી, મા ઉમેરવાથી નિષેધ વાક્ય બને છે.
  ઉ.દા.- જુઠું બોલવાથી કશો ફાયદો નહી.

- પ્રશ્ન વાક્ય- જેમાં હકીકત વિશે પ્રશ્ન હોય તે પ્રશ્ન વાક્ય કહેવાય છે.
  ઉ.દા.- તમારે જમવું છે ?

- આજ્ઞાર્થ વાક્ય- જે વાક્યમાં કોઈ આદેશ, આજ્ઞા કે હુકમનું સૂચન કરવામાં આવ્યું હોય છે ત્યારે તે આજ્ઞાર્થ વાક્ય બને છે.
  ઉ.દા.- દરવાજો ઝડપથી બંધ કરો.

- સંદેહ વાક્ય- જેમાં સંદેહ/સંભાવનાનો અર્થ રહેલો હોય તેવા વાક્યને સંદેહ વાક્ય કહે છે.
  ઉ.દા.- રમાં વાંચતી હશે.

## ૩) ક્રિયામૂલક પ્રકાર-

વાક્યમાં ક્રિયાના હોવા ન હોવાને આધારે વાક્યના બે પ્રકારો ક્રિયામુક્ત વાક્ય જેમાં સમાન્ય રીતે એક વાક્યમાં એક ક્રિયા હોય છે. ક્રિયારહિત વાક્ય જેમાં ક્રિયાપદ અધ્યાહર રહે છે એમ પ્રકાર પડે છે.

## ૪) શૈલીમૂલક પ્રકાર-

શૈલીના આધારે વાક્યના ત્રણ ભેદ પાડવામાં આવે છે. ૧) શિથિલ વાક્ય ૨) સમાસ વાક્ય અને ૩) આવર્તક વાકય.

## ૫) આકૃતિમૂલક પ્રકાર

- કર્તરિ વાક્ય- જો વાક્યમાં કર્તાની પ્રધાનતા હોય તો તે વાક્ય કર્તરિ વાક્ય ગણાય.
  ઉ.દા.- રામે મહેલનો ત્યાગ કર્યો.
- કર્મણિ વાક્ય- જો વાક્યમાં કર્મની પ્રધાનતા હોય તો તે વાક્ય કર્મણિ વાક્ય ગણાય.
  ઉ.દા.- જટાયુથી રાવણનો સામનો થયો.
- ભાવે પ્રયોગ- જો કર્તા કે કર્મની પ્રધાનતા ન હોય ત્યારે કેવળ ક્રિયા કે ભાવ પ્રમાણે વાક્યરચના થાય ત્યારે તે ભાવે રચના પ્રયોગ કહેવાય.
  ઉ.દા.- મારાથી આજે જવાશે નહી.

# એકમ – ૩

## સંધિ

બે શબ્દ જોડાય ત્યારે એમના સ્વર-વ્યંજનમાં પરિવર્તન આવે તેને સંસ્કૃતમાં ‘સંધિ’ કહે છે.

## સંધિનાં પ્રકારો

૧) સ્વર સંધિ
૨) વ્યંજન સંધિ
૩) વિસર્ગ સંધિ

# એકમ – ૪

**૧) નામ ( સંજ્ઞા )** – વ્યક્તિ, પ્રાણી, પદાર્થ, કે ભાવ સૂચવે તેને સંજ્ઞા (નામ) તરીકે ઓળખવામાં આવે છે.

*** સંજ્ઞાના પ્રકારો ***

જાતિવાચક સંજ્ઞા – પ્રાણી કે પદાર્થની આખી જાતિ કે વર્ગને દર્શાવતી સંજ્ઞાને જાતિવાચક સંજ્ઞા કહે છે.
ઉ.દા.- માણસ, સાગર, ઘોડો, નદી, પર્વત

વ્યક્તિવાચક સંજ્ઞા – એકજ વ્યક્તિનું કે પદાર્થનું વિશિષ્ટ નામ દર્શાવતી સંજ્ઞાને વ્યક્તિવાચક સંજ્ઞા કહે છે.
ઉ.દા.- હિમાલય, સાબરમતી, નવરંગપુરા

દ્રવ્યવાચક સંજ્ઞા – અનાજ, ધાતુ, પ્રવાહી, વગેરે બતાવનાર કોઈપણ પદાર્થને કે દ્રવ્યના નામને દ્રવ્યવાચક સંજ્ઞા કહે છે.
ઉ.દા.- જુવાર, સોનુ, રૂ, તેલ, હવા, માટી

સમુહવાચક સંજ્ઞા – પ્રાણી કે પદાર્થના આખા સમુહને દર્શાવતી સંજ્ઞાને સમુહવાચક સંજ્ઞા કહે છે.
ઉ.દા.- લશ્કર, ટોળુ, ધણ

ભાવવાચક સંજ્ઞા – જે જોઈ કે સ્પર્શી ન શકાય પણ ઇન્દ્રિયો દ્વારા અનુભવાય તેવા ગુણ, ક્રિયા, કે ભાવ દર્શાવતી સંજ્ઞાને ભાવવાચક સંજ્ઞા કહે છે.
ઉ.દા.- દયા, સ્નેહ, હર્ષ, ગરમી

**૨) સર્વનામ** – સંજ્ઞા(નામ) ને બદલે જે શબ્દ વપરાય અને એ નામ જેવીજ કામગીરી બજાવે તો તે પદ સર્વનામ તરીકે ઓળખાય છે. દા.ત.- હું, અમે, તમે, તેઓ

## * સર્વનામના પ્રકારો *

પુરુષવાચક સર્વનામ – જુદી-જુદી વ્યક્તિઓને દર્શાવવા માટે વપરાતા સર્વનામને પુરુષવાચક સર્વનામ તરીકે ઓળખવામાં આવે છે.

ઉ.દા.- અમે હમણાં જ આવ્યા.
તમે થોડીવાર પછી આવો.

સ્વવાચક સર્વનામ – જે સર્વનામ પુરુષવાચક સર્વનામની સાથે વપરાઈને તેનો ભારપૂર્વક નિર્દેશ કરે તેને સ્વવાચક સર્વનામ કહે છે.

ઉ.દા.- હું પોતે જ આ કામ કરીશ.
પુસ્તક લેવા રમેશ ખુદ આવ્યો.

દર્શકવાચક સર્વનામ – જે સર્વનામ કોઈ વસ્તુ તરફ બતાવવાની દ્રષ્ટિએ નિર્દેશ કરતું હોય તેને દર્શકવાચક સર્વનામ કહે છે.

ઉ.દા.- આ ચોપડી તમારી છે ?
તે વસ્તુ અહીં લાવો.

સંબંધવાચક સર્વનામ – જે સર્વનામ પછી વાક્ય પુરું કરવા બીજું સર્વનામ વાપરવાની અપેક્ષા રહે છે. તેને સંબંધવાચક સર્વનામ કહે છે.

ઉ.દા. – જે વાવે તે લણે
જેવો રાજા તેવી પ્રજા

અન્યોન્યવાચક સર્વનામ – એકબીજાના પરસ્પર એવા અર્થમાં વપરાયેલ સર્વનામને અન્યોન્યવાચક સર્વનામ તરીકે ઓળખાય છે.

ઉ.દા. – પરસ્પર સંપ રાખવો.
આપણે એકબીજાને મદદરૂપ થવું જોઈએ.

અનિશ્ચિતવાચક સર્વનામ – કોઈ સર્વનામ કોઈ ચોક્કસ વસ્તુ કે વ્યક્તિનો નિર્દેશ ન કરતું હોય તે અનિશ્ચિતવાચક સર્વનામ તરીકે ઓળખાય છે.

ઉ.દા.- ત્યાં કોઈક તો હતુ જ.
અમુક કામ વિચારીને કરવાં જોઈએ.

પ્રશ્નવાચક સર્વનામ – જે પદ દ્વારા પ્રશ્ન પૂછાતો હોય તેને પ્રશ્નવાચક સર્વનામ તરીકે ઓળખવામાં આવે છે.

ઉ.દા.- આ કોણ છે ?
તમે શું કરી રહ્યા છો ?

**૩) વિશેષણ** – નામ કે સર્વનામના અર્થમાં વધારો કરનાર શબ્દોને વિશેષણ કહે છે.

ઉ.દા.- સુંદર છોકરી
રાતો ઘોડો

## * વિશેષણના પ્રકારો *

ગુણવાચક વિશેષણ – જે વાક્યમાં સંજ્ઞાનો ગુણ દર્શાવવામાં આવ્યો હોય તે પદને ગુણવાચક વિશેષણ કહે છે.
ઉ.દા.- સુરત મોટું શહેર છે.
ચંદ્રની ચાંદની શીતળ છે.

સંખ્યાવાચક વિશેષણ – જે વાક્યમાં સંજ્ઞાની સંખ્યા દર્શાવવામાં આવી હોય તે પદને સંખ્યાવાચક વિશેષણ કહે છે.
ઉ.દા.- કીડીને છ પગ છે.
તેમણે આ પુસ્તક સો રૂપિયામાં ખરીદ્યુ.

ક્રમવાચક વિશેષણ – જે વાક્યમાં સંજ્ઞાનું ક્રમ દર્શાવવામાં આવ્યું હોય તે પદને ક્રમવાચક વિશેષણ કહે છે.
ઉ.દા.- પહેલું સુખ તે જાતે નર્યા.

પ્રમાણવાચક વિશેષણ - જે વાક્યમાં સંજ્ઞાનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું હોય તે પદને પ્રમાણવાચક વિશેષણ કહે છે.
ઉ.દા. – આજે ગરમી વધારે છે.

પ્રશ્નવાચક વિશેષણ – જે વાક્યોમાં શબ્દો વડે પ્રશ્ન પૂછીને કંઈક વિશેષતા દર્શાવવામાં આવી હોય તે વિશેષણને પ્રશ્નવાચક વિશેષણ ખે છે.
ઉ.દા. – આપણે શું કામ કરવાનું છે.

દર્શકવાચક વિશેષણ – જે વાક્યમાં ચોક્કસ વ્યક્તિ કે વસ્તુને દર્શાવતા શબ્દો દર્શાવવામાં આવ્યા હોય તે વિશેષણને દર્શકવાચક વિશેષણ કહે છે.
ઉ.દા.- પેલા ઘરેથી પાણી લઇ આવો.

અનિશ્ચિતવાચક વિશેષણ – જે પદ નામ કે સર્વનામ માં અનિશ્ચિતપણે વિશેષતા દર્શાવતું હોય તેવા વિશેષણને અનિશ્ચિતવાચક વિશેષણ ખે છે.
ઉ.દા.- કોઇ ત્યાં ઉભું છે.

સાપેક્ષ વિશેષણ – જે વિશેષણ એકબીજાના સાથે આપેલ સંબંધ દર્શાવતા હોય તેને સાપેક્ષ વિશેષણ કહે છે.
ઉ.દા. – જે ફરે તે ચરે

**૩) ક્રિયાવિશેષણ –** વાક્યમાં જે પદ ક્રિયાપદના અર્થમાં વિશેષતા બતાવતું હોય તેને ક્રિયાવિશેષણ કહે છે.

ઉ.દા.- જીવરામ ભટ્ટ <u>ધીમેથી</u> ઉઠ્યા.

## * ક્રિયાવિશેષણ**ના પ્રકારો** *

સ્થળવાચક ક્રિયાવિશેષણ – જે પદ સ્થળનું સુચન કરી ક્રિયાપદના અર્થમાં વિશેષતા બતાવે છે. તેને સ્થળવાચક ક્રિયાવિશેષણ કહે છે.

ઉ.દા.- <u>અહી</u> આવ,આપણે વાતો કરીએ.

સમયવાચક ક્રિયાવિશેષણ – જે પદ સમયનું સૂચન કરી ક્રિયાપદના અર્થમાં વધરો કરે છે.તેને સમયવાચક ક્રિયાવિશેષણ કહે છે.

ઉ.દા.- <u>હંમેશા</u> સત્ય બોલો.

રીતિવાચક ક્રિયાવિશેષણ – જે પદ ક્રિયા થવાની રીતનું સૂચન કરી ક્રિયાપદના અર્થમાં વધરો કરે તેને રીતિવાચક ક્રિયાવિશેષણ કહે છે.

ઉ.દા.- <u>જલદી-જલદી</u> તેઓ આવી ગયા.

સ્વીકારવાચક ક્રિયાવિશેષણ – જે પદ સ્વીકારનું સૂચન કરી ક્રિયાપદના અર્થમાં વધારો કરે તેને સ્વીકારવાચક ક્રિયાવિશેષણ કહે છે.

ઉ.દા. – <u>ભલે</u>, તમારું કામ થઇ જશે.

નકારવાચક ક્રિયાવિશેષણ – જે પદ નકારાત્મક સૂચન કરી ક્રિયાપદના અર્થમાં વધારો કરે તેને નકારવાચક ક્રિયાવિશેષણ કહે છે.

ઉ.દા. – તમારા મનમાં <u>ના</u> ધરશો.

# ધન્યવાદ